
# શહેરની શાળાઓમાં બાળકોનો કોલાહલ ગૂંજી ઉઠ્યો

**શાળા સંકુલોમાં બાળકો આવી પંહોચતાં ભવ્ય સ્વાગત કરાયું : શહેરના માર્ગો પર સ્કૂલવાનનો ટ્રાફિક વધ્યો અને શૈક્ષણિક સંકુલો બહાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયાં : સરસ્વતીમાતાના ગેટઅપમાં આવેલી બાળકી આકર્ષણ જમાવ્યું**





ગાંધીનગર તા. ૧૩

વેકેશન બાદ ફરી શહેરમાં શાળાઓ શરૂ થઈ ગઈ છે અને બાળકોના નિર્દોશ કોલાહલથી ફરી શહેરના શાળા સંકુલો ગૂંજી ઉઠ્યાં છે. શહેરમાં આજે સવારના પિકઅવર્સ દરમ્યાન સ્કૂલવાનોનો પણ ઉમેરો ઉંમર થતા શહેરના માર્ગો પર ટ્રાફીકમાં વધારો જણાયો હતો તેમજ શહેરના શૈક્ષણિક સંકુલોની આસપાસ પણ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

આજે અનેક વાલીઓ પોતાના બાળકોને શાળાએ મુકવા માટે આવ્યા હતા અને મા બાપની આંગળી ઝાલીને ભુલકાંઓ હોંશે હોંશે શાળાઓમાં પહોંચ્યા હતા જ્યાં શિક્ષકોએ તેમનું ઉમળકાભેર સ્વાગત પણ કર્યું હતું. શહેરના સેક્ટર-૨૩ માં કડી કેમ્પસની એસબી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ અને એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ ખાતે શાળાના કર્મચારીગણ બાળકોને સ્કૂલના ઝાંપે આવકાર્યા હતાં અને રિબન કાપીને શાળા પ્રવેશ કરાવાયો હતો. આ દરમિયાન એક બાળકી સરસ્વતી માતાના ગેટઅપમાં શાળાએ આવી હતી જેણે ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ શહેરના સેક્ટર-૭માં ચૌધરી શૈક્ષણિક સંકુલ ખાતે પણ બાળકોને ઉમળકાભેર આવકાર આપવામા આવ્યો હતો તેમજ સેક્ટર-૮માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે પણ બાળકોનો હર્ષોલ્લાસ સાથે શાળા પ્રવેશ કરાવાયો હતો.

## આ વર્ષે ચોમાસુ સમયસર અને સારૂ છે : અંબારામ પટેલ

**શહેરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરતા જણાવ્યુ છે કે આગામી તા. ૧૫મી જૂનથી રાજ્યના ઘણા ભાગોમાં ચોમાસુ સક્રિય બનશે**

ગાંધીનગર, તા. ૧૩

ચોમાસાની ગતિવિધિઓ તેજ બની છે. આકાશમાં વાદળોની અવરજવર વધી છે તેમજ ઘણા સ્થળોએ વરસાદ વરસી રહ્યો છે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરતાં જણાવ્યું છે કે ચોમાસુ નજીકમાં છે. આ વર્ષે ચોમાસુ સમયસર અને સારૂ રહેશે.

અંબારામ દા. પટેલે વરસાદ અંગે વધુ આગાહી કરતા જણાવ્યુ છે કે ચોમાસા અંગે સમુદ્રના પ્રવાહોની સ્થિતિ અગત્યની છે. દક્ષિણ ગોળાર્ધમાં પ્રવર્તમાન સ્થિતિમાં જે દેશોમાં જ્યાં વરસાદ ઓછો પડતો હતો ત્યાં પણ હવે રોજબરોજ વરસાદી સ્થિતિ બને છે. આ વખતે પ્રશાંત મહાસાગરની સ્થિતિ ભારતીય ચોમાસા માટે સાનુકૂળ છે. લાનીનોની અસરથી ભારતની મોસમ વરસાદ માટે સારી રહે. આ વખતે મંગળ ગ્રહનું ભ્રમણ પણ સૂર્યની પાછળ છે જે ચોમાસાની ગતિવિધિ માટે સારી બાબત છે. વળી ચોમાસાની છડી પોકારતા પક્ષીઓના અવાજ પણ આવવા માંડ્યા છે. આ વખતે પશ્ચિમી ગરમી ઉનાળામાં પણ સારી રહી હતી. સ્થિતિ સુધરતા વરસાદમાં ગરબડ થવાની શક્યતા નથી. ઉનાળામાં ગંગા, જમાનાના મેદાની પ્રદેશો પણ તપ્યા હતા. જેના કારણે વરસાદની સાનુકૂળ સ્થિતિ સર્જાઈ છે. મુંબઈ-મહારાષ્ટ્રમાં ૧૨ થી ૧૫મી જૂન વચ્ચે વરસાદ રહે જે ધમાકેદાર રહેશે. વિદર્ભમાં પણ સારો વરસાદ પડશે. આ વખતે સૌરાષ્ટ્રના દરિયાકિનારાના ભાગો ઉપરાંત સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં જૂન ૧૫ થી ૧૭માં સારા વરસાદની શક્યતા છે અને દક્ષિણ ગુજરાતમાં પણ સારો વરસાદ પડશે. સાગરમાં ઉંચા મોજા ઉછળે, કચ્છના ભાગો, ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં ૧૨મીથી વરસાદની સારી શરૂઆત થઈ છે. પાટણ, મહેસાણા, વિસનગર, કડી, અરવલ્લી તથા સાબરકાંઠાના ભાગો, સુરેન્દ્રનગર, પાટડી-દસાડાના ભાગોમાં વરસાદની શક્યતા રહે. જૂન તા. ૧૮ થી ૨૦માં પણ સારો વરસાદ પડે. આર્દ્ર સૂર્ય નક્ષત્રમાં તા. ૨૬ જૂન આસપાસ સારા વરસાદની શક્યતા છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં સારા વરસાદની શક્યતા રહે. આ વખતે પવનનું પ્રમાણ વધુ રહે. ધીમે ધીમે ભેજનું પ્રમાણ વધતા સારો વરસાદ પડશે. આ વર્ષે ચોમાસુ સારૂ અને સમયસર હોઈ ખેડૂતોને ચિંતા જેવું નથી.

## ગાંધીનગરથી શાહપુર ગિફટ સીટી તરફ જવાનો નવો માર્ગ બનાવવાના કામને મંજુરી

**નવો માર્ગ બનાવાનો હોવાથી વરસાદી દિવસોમાં પણ ડામર કાર્પેટ સિવાયની કામગીરી હાથ ધરાશે : પાટનગર યોજના વિભાગ કક્ષાએથી ખર્ચ અંદાજો તૈયાર કરવામાં આવી રહ્યા છે**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કોબા માર્ગ પરથી શાહપુર થઈને ગિફટ સીટી જવા માટે નવા માર્ગનુ નિર્માણ કરવામાં આવશે. ગિફટ સીટીને અનુલક્ષીને ગુડા દ્વારા જરૂરી રોડ નેટવર્કને અનુલક્ષી નવા રસ્તા પણ ખોલવામાં આવ્યા છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી આ યોજનાને અનુલક્ષીને નવા અંદાજો પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે નવા માર્ગના નિર્માણને અનુલક્ષી ડામર કાર્પેટ સિવાયનુ કામ ચોમાસા દરમિયાન પણ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર નજીક સ્થિત ગિફટ સીટીને અનુલી આસપાસના વિસ્તારમાં જરૂરિ સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવી રહી છે. જેમાં રોડ નેટવર્ક તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. ગુડા દ્વારા પણ નવા રસ્તાઓ ખોલવામાં આવી રહ્યા છે. જયારે આસપાસના વિસ્તારમાં નવા માર્ગો તૈયાર કરવા માટે પણ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર શાહપુરથી ગિફટ સીટીના માર્ગને મંજુરી આપી દેવામાં આવી છે. જયારે આ યોજના પાછળ પ્રત્યેક કિલોમીટર રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર ગિફટ સીટીને જોડતા પાલજ, બાસણ , શાહપુર માર્ગના રીસરફેસીંગ માટે તૈયાર કરવામાં આવેલી યોજના અન્વયે સરકારે રૂ ૨૪ કરોડના ખર્ચને મંજુરી આપી દીધી છે. જયારે હવે ગાંધીનગરથી કોબા માર્ગ પર શાહપુર થઈને ગિફટ સીટી તરફ જવાના માર્ગનુ કામ હાથ ધરવા માટે પણ યોજના તૈયાર કરી દેવામાં આવી છે. ગિફટ સીટીને જોડતા વિવિધ માર્ગોને અનુલક્ષી ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પણ આ વિસ્તારમાં રસ્તા ખોલવાની કામગીરી તેજ કરી દેવામાં આવી છે. જયારે ગિફટ સીટીને અનુલક્ષી રોડ એન્જિયયિરિંગમાં જરૂરિ ફેરફાર સાથે ગિફટ સીટી કક્ષાએથી જ સુધારા વધારા સુચવવામાં આવ્યા છે જયારે આ દરખાસ્ત અન્વયે પાટનગર યોજના વિભાગ કક્ષાએ માર્ગ સુધારણા અને નવિનીકરણના વિવિધ કામો પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. જયારે સરકાર સમક્ષ થેયલી દરખાસ્તને અનુલક્ષીને ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રોડ એલાયન્ટમેન્ટમાં જરૂરી ફેરફાર કરવામાં આવી રહ્યો છે. જયારે ગાંધીનગર તરફથી શાહપુર અને ગિફટ સીટી જવા માટે નવા માર્ગનુ પણ નિર્માણ કરવામાં આવનાર છે. આ કામગીરીને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ કક્ષાએથી ખર્ચ અંદાજો પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જયારે આમ તો વરસાદી દિવસોમાં માર્ગોની કામગીરી બંધ રાખવામાં આવે છે. પરંતુ આ માર્ગ સંપુર્ણ નવો બનાવાનો થતો હોવાથી ડામર કાર્પેટ સિવાય અન્ય કામગીરી ચોમાસા દરમિયાન પણ હાથ ધરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

## ગુજરાતમાં ૨૪ કલાકમાં ૯૧ તાલુકામાં વરસાદ નોંધાયો

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતમાં હજુ વિધિવત ચોમાસું બેસી ગયાની પુષ્ટિ કરવામાં આવી નથી. જોકે, ગુજરાતમાં પ્રી-મોન્સૂનમાં જ મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી છે. તંત્ર તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૯૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ તાલુકા એવા છે જ્યાં એક ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. જ્યારે એક તાલુકામાં ત્રણ ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. સોમવારે સવારે ૬ વાગ્યે પૂર્ણ થતા ૨૪ કલાક દરમિયાન મહીસાગરના સંતરામપુરમાં ૭૬ એમએમ વરસાદ પડ્યો છે. સોમવારે સવારે ૬ વાગ્યે પૂર્ણ થતા ૨૪ કલાક દરમિયાન મહીસાગરના સંતરામપુરમાં ૭૬ એમએમ વરસાદ પડ્યો છે. જૂનાગઢ તાલુકામાં ૪૩ એમ.એમ. વરસાદ પડ્યો છે, જ્યારે જૂનાગઢ શહેરમાં પણ ૪૩ એમ.એમ. વરસાદ પડ્યો છે. અમરેલીના વડિયામાં ૩૪ એમ.એમ. વરસાદ પડ્યો છે.

ઉત્તર ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨.૧૮ એમ.એમ. અને સિઝનનો કુલ ૪.૭૮ એમ.એમ. વરસાદ પડ્યો છે. અહીં અત્યારસુધી ૦.૬૬ ટકા વરસાદ પડ્યો છે.

## પેથાપુર નગરપાલિકા અને ૧૮ ગ્રામપંચાયતના ૧૪૧ કર્મચારીઓના પગાર વધારો કરવાનો મનપાનો નિર્ણય

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં પેથાપુર ન.પા. અને ૧૮ ગ્રામ પંચાયતોમાં કામગીરી કરતા ૧૪૧ જેટલા કર્મચારીઓના પગારમાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યું હતું કે આ કર્મચારીઓના પગાર વધારા કરવાને પગલે રૂ. પાંચ લાખનું આર્થિક ભારણ મનપાને થશે.

તેમણે મનપાની નવી કચેરીના હાઉસ કીપીંગ સર્કલ અને ઓફિસ બિલ્ડીંગની સફાઈની કામગીરી માટે આવેલ ટેન્ડરને મંજૂરી આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે નવી ઓફિસનો એરિયા વધુ છે તેમજ સફાઈની કામગીરી પણ વધશે એટલે જે ટેન્ડર ભરાઈને આવ્યું છે તે ૫.૪૪ ટકા નીચે ભરાઈને આવ્યું હોવાથી મંજૂર કરવામાં આવેલ છે. આ માટે ત્રણ એજન્સીઓએ ટેન્ડર ભર્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ભાટ ગામે ગાર્ડન સાથે સ્મશાન બનાવવાનું ટેન્ડર રદ કરવાનો નિર્ણય આજની સ્થાયી સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે કોલવડા અને વાવોલના સ્મશાનગૃહોના નવીનીકરણ માટે તેમજ અદ્યતન બનાવવા માટેના ટેન્ડરને બહાલી આપવામાં આવી છે.

તેમણે કહ્યું હતું કે રાંધેજા અને ઝુંડાલના સુએજ પંપીય સ્ટેશનને એક વર્ષના સંચાલન માટે આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત રાંધેજામાં સબમર્શીબલ સુએજ પંપની જે મશીનરી છે તે બદલવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે પેથાપુર અને બોરીજ આંગણવાડી કેન્દ્રોને સ્માર્ટ આંગણવાડી બનાવવાનો પણ નિર્ણય કરાયો છે.

## હાથી મસાલા દ્વારા ભારતમાં સૌ પ્રથમવાર એક સાથે ૧૧ નવી પ્રોડક્ટ લોન્ચ કરાઈ

અમદાવાદ, તા. ૧૩

છેલ્લા ૭૦ વર્ષથી ઉપરનો અનુભવ ધરાવતું તથા પોતાની ગુણવત્તા અને વિશ્વસનિયતા માટે જાણીતું મસાલા ક્ષેત્રે અગ્રીમ એવા ‘‘હાથી મસાલા’’ની આજના સમયે ૧૦૦ થી પણ વધુ પ્રોડક્ટ ૨૦ થી પણ વધુ દેશોમાં ઉપલબ્ધ છે ત્યારે હવે તેણે દેશમાં સૌપ્રથમવાર તેની તદ્દન નવી ૧૧ પ્રોડક્ટ લોન્ચ કરી હતી. જેમાં હાથી ચીલી ફ્લેક્સ, હાથી ઓરેગનો મિક્સ, હાથી પિરિ મિક્સ, હાથી નૂડલ મસાલા, હાથી ચાટ મસાલા, હાથી સોડા મસાલા, હાથી ફ્રાયમ્સ મસાલા, હાથી રેશમ હિંગ, હાથી જલજીરા ઝટકા, હાથી હિંગાસ્ટક પાવડર, હાથી બટરમિલ્ક મસાલા અને હાથી આચાર મસાલા સ્પ્રિંકલર જારનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, હાથી મસાલા ભારતીય મસાલાની સાથોસાથ હવે મસાલા ક્ષેત્રે વિદેશી પ્રોડક્ટ્સનું ઉત્પાદન પણ સ્વદેશમાં અને તે પણ ગુજરાતમાં જ કરશે.

આ અંગે હાથી મસાલાના સાગરભાઈ દુબલેએ જણાવ્યું હતું કે હાથી મસાલા વર્ષોથી તેના ગ્રાહકોને શ્રેષ્ઠ ક્વોલિટી, વિશ્વસ્તરીય પેકેજિંગ અને ઉત્તમ સ્વાદ પહોંચાડવા અને ગ્રાહકોની જરૂરિયાતને સંતોષી રહ્યું છે ત્યારે ભારતમાં બધીજ સ્વદેશી પ્રોડક્ટ લોન્ચ કરતા અમને ખુશી થાય છે. આ તમામ પ્રોડક્ટ લેબોરેટરી ટેસ્ટમાંથી સફળતાપૂર્વક પાસ કર્યા બાદ જ લોકો માટે સૌપ્રથમવાર મુકવામાં આવી છે અને તેનો ઉપયોગ ૬ મહિનાથી લઈ ૧ વર્ષ સુધી કરી શકાય છે.

### કડાકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીએસઈ સેન્સેક્સ ૧૦૧૭ પોઈન્ટ ઘટીને ૫૪,૩૦૩ પર બંધ થયો હતો, જ્યારે એનએસઈ નિફ્ટી ૨૭૬ પોઈન્ટના ઘટાડા સાથે ૧૬,૨૦૨ પર બંધ થયો હતો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આરબીએલ બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે આર સુબ્રમણ્યકુમારની નિમણૂકને મંજૂરી આપ્યા બાદ સોમવારે ઈન્ટ્રા-ડે ટ્રેડમાં બેંકના શેરની કિંમત રૂ. ૮૭.૬૦ની રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી ગઈ હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) પર તેની કિંમત લગભગ ૨૩ ટકા ઘટી હતી.

### ઈનકાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લગભગ તમામ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. જોકે, રાહતની વાત એ છે કે નવા કેસની સામે મૃત્યુઆંક કંટ્રોલમાં છે.

કોરોનાના કેસમાં સતત ઉછાળો નોંધાઈ રહ્યો છે ત્યારે ચોથી લહેરની અટકળો લગાવવામાં આવી રહી છે. ઘણાં એક્સપર્ટ્સે કેસમાં ઉછાળો નોંધાતા નવી લહેરના સંકેત હોવાનો ઈનકાર કર્યો છે. હેલ્થ એક્સપર્ટ મુજબ કોરોનાના આંકડામાં આવતા ચઢાવ-ઉતાર જે મહામારીના એનડેમિક સ્ટેજમાં જોવા મળતા હોય છે. જોકે, તેમણે કહ્યું કે આગામી થોડા અઠવાડિયા સુધી કોરોનાના આંકડા પર નજર રાખવાની જરુરી છે.

### ધરપકડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સચિન બિશ્નોઈ ગેંગે ગાયક સિદ્ધુ મૂસેવાલા પર હુમલો કરવા માટે મહારાષ્ટ્રમાંથી બે શાર્પ શૂટરને બોલાવ્યા હતા. સંતોષ જાધવ અને મહાકાલ બે શૂટર હતા. પંજાબ પોલીસે મૂસેવાલા પર ગોળીબાર કરનારાઓના નામ જાહેર કર્યા છે. મુસેવાલને મારવા કુલ ચાર રાજ્યોમાંથી શૂટરોને પંજાબ મોકલવામાં આવ્યા હતા. ૩ શૂટર પંજાબના હતા. ૨ મહારાષ્ટ્રના, ૨ હરિયાણાના અને તેમાંથી એક રાજસ્થાનનો શાર્પશૂટર હતો.

### મીડિયા રાઈટ્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટ લેકે ૫૭.૫ કરોડ રૂપિયા પ્રતિ મેચ વેચાયું છે. જ્યારે ભારતમાં ડિજિટલ રાઈટ્સ માટેનું પેકેજ-બી ૨૦,૫૦૦ કરોડ એટેલે કે ૫૦ કરોડ રૂપિયા પ્રતિ મેચ વેચાયું છે. જોકે, હજી બોલીની વિગતો જાહેર થઈ નથી પરંતુ ટીવી અને ડિજિટલ રાઈટ્સ માટે પ્રતિ મેચની વેલ્યુ ૧૦૭.૫ કરોડ રૂપિયા થાય છે.

### આકાશી નઝારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે મહત્તમ તાપમાન પણ ૪૧ ડીગ્રી આસપાસ જ રહેતા હવે ગરમીનુ જોર ઘટે અને મેઘરાજાની પધરામણી થાય તેવી આશ સાથે છેલ્લા કેટલાક દિવસોથી નગરજનોની નજર નભ તરફ મંડરાયેલી જોવા મળે છે. છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે ગરમીનુ જોર ઘટયુ છે. જો કે આમછતા ગઈકાલ સુધી ગરમીનો પારો ૪૦ ડીગ્રી ઉપર જ રહ્યો હતો જયારે ગઈકાલે અચાનક જ વાતાવરણ પલ્ટા બાદ ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારમાં મેઘરાજાની પધરામણી થતા ભીની માટીની મહેંક સાથે વાતાવરણમાં વરસાદી વાયરા વચ્ચે ઠંડક પ્રવર્તી હતી જયારે આજે પણ સવારથી જ વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. પરંતુ વરસાદ હાથતાળી આપી જતા મેઘમહેર થઈ ન હતી. જુનના બીજા સપ્તાહમાં વરસાદી માહોલ વચ્ચે ગરમીનો પારો પણ નીચે ઉતર્યો છે. આજે વાતાવરણ પલ્ટાના અંતે મહત્તમ તાપમાન ઘટતા નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. ત્રણ મહીનાના અંતે પ્રથમ વાર ગરમીનો પારો ૩૬.૫ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો હતો ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૪ ડીગ્રી ઘટી ગયુ હતુ જેથી દિવસ દરમિયાન શહેરીજનોએ આકરા તાપમાં રાહત અનુભવી હતી એટલુ જ નહીં પરંતુ સવારે અને સાંજે વાતાવરણમાં વરસાદી વાતાવરણ વચ્ચે ઠંડક પ્રસરી હતી. ગઈકાલે રાત્રિના સમયે પણ શહેરી વિસ્તારને બાદ કરતા અમદાવાદ સહીત ગાંધીનગર આસપાસના વિસ્તારમાં વરસાદી ઝાપટાથી ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. જયારે ગાંધીનગરમાં આસપાસના વિસ્તારમાં મેઘમહેરના અંતે ઠંડા પવન સાથે વાતાવરણ પલ્ટાયેલુ જોવા મળ્યુ હતુ. આજે પણ દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોનુ સામ્રાજય છવાયેલુ રહ્યુ હતુ. મહત્તમ તાપમાન સાથે લઘુત્તમ તાપમાનમાં પણ એક ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી. લઘુત્તમ તાપમાન પણ ૨૬.૬ ડીગ્રી રહ્યુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધ્યુ હતુ. સવારે ભેજનુ પ્રમાણ ૭૯ ટકા રહ્યુ હતુ જયારે સાંજના સમયે ભેજનુ પ્રમાણ બેવડાતા ૪૦ ટકાથી વધીને ૭૨ ટકા સુધી પહોંચી ગયુ હતુ. દિવસ દરમિયાન આકાશમાં આટાફેરા કરતા વરસાદી વાદળો ગમે ત્યારે વરસશે તેમ સ્પષ્ટ થતુ હતુ પરંતુ દિવસના અંતે પણ વરસાદની આશ ઠગારી નિવડી હતી. જો કે વાતાવરણ પલ્ટાના લીધે શહેરમાં ઠંડક પ્રસરી હતી લાંબા સમયના અંતે ગરમીનુ જોર ઘટતા નગરજનોએ પણ રાહત અનુભવી હતી. વાદળિયા વાતાવરણ વચ્ચે નગરના જનજીવનની રોનક નિખરી હતી. મોડી સાંજે પણ વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે નગરજનો વરસાદની વાટે હતા. વરસાદ ન આવ્યો પરંતુ આકરો તાપ અને ગરમી અદ્રશ્ય થઈ જતા શહેરીજનોએ નિરાંત અનુભવી હતી.

### ભયની લાગણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉભરી આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં કલોલ અને માણસામાં વરસાદ નોંધાયો છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં છુટાછવાયા સ્થાનો પર વરસાદ નોંધાયો છે.

શહેરમાં પ્રવેશદ્વાર ચ-માર્ગ પર મેટ્રોરેલનું કામ ચાલી રહ્યુ છે તેથી પણ માર્ગ સાંકડો થયો છે અને પાણીના નિકાલ માટેનું નક્કર આયોજન કરવામાં આવ્યુ નથી. સામાન્યતઃ ૧૫મી જૂન પછી ચોમાસુ આવતુ હોય છે પણ આ વખતે નૈઋત્યનું ચોમાસુ વહેલુ શરૂ થયુ છે. અસહ્ય ગરમીને લઈ નગરજનો ત્રસ્ત બન્યા હતા એટલે વાતાવરણમાં બદલાવ થતાં થોડીક ખુશીની સાથે ભયથી તેઓ ચિંતીત બન્યા છે.

### વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બે હજારથી વધુ હેક્ટરમાં વાવેતર થઈ ગયાનું પણ ખેડૂતો સાથે વાતચીતમાં જાણવા મળ્યુ છે.

જિલ્લામાં વરસાદના આગમનની સાથે જ વાતાવરણમાં પણ બદલાવ જોવા મળ્યો છે. દરમ્યાન હવામાન ખાતાએ આજે પણ જિલ્લાના છુટાછવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદ થવાની આગાહી કરી છે. આજે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ. વાદળછાયુ વાતાવરણ અને ભેજને પગલે મોલોમસી પણ ક્યાંક ક્યાંક દેખાવા લાગી છે.

### વધુ ૬ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરત ફરેલ છે. તાવ અને અન્ય લક્ષણો જણાતાં ટેસ્ટ કરાવવાની તબીબી સલાહ મળતાં ટેસ્ટ કરાવ્યો હતો અને રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં કેસો સતત વધી રહ્યા છે. શહેરમાં એક્ટીવ કેસોની સંખ્યા ૫૫ને પાર કરી ગઈ છે. તંત્રએ ૩૦૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે. શહેરમાં સંક્રમણ ઘટ્યા પછી કોરોના ગાઈડલાઈન્સના પાલનને લઈ લોકો જે બેફિકરા બન્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં પણ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

આ દસક જૂના સમયની વિરાસત અને નવાં પડઘમ વચ્ચેનો એક મજેદાર સમય હતો..મેળાઓનો મહિમા હતો. ચૂંટણીઓ અને રાજકારણનો રોમાંચ હતો..રેડિયો ઉપર ક્રિકેટ કોમેન્ટેટરી સાંભળવાનો એક અવર્ણનીય આનંદ હતો..મુકેશ,મોહમદ રફી,કિશોર અને લતાનાં ગીતો જીવનનો ધબકાર હતાં..નવલકથાઓ વંચાતી..વાર્તાઓનો જમાનો હતો. ગઝલનો ગોકીરો ના હતો..! ચંદ્રકાંત બક્ષીની કોલમોનો જબરજસ્ત ક્રેઝ હતો..'ચિત્રલેખા' અને તારક મહેતા અને ટપુડો..હરકિસન મહેતાની ધારાવાહિક નવલકથાઓ..સાથે જ પન્નાલાલ,પેટલીકર,મડિયા પણ એટલા જ વાચકોના મનમાં હતા..અમારા જેવા આગંતુક ચડ્ડી પહેરવી કે પેન્ટ એની વિમાસણમાં હતા..પેન્ટ નીચેથી પહોળાં અને શર્ટનાં બટન ખુલ્લાં હોય એની બોલબોલા હતી..મોર્નિંગ વોક કોઈ કરતું નહીં..જીમ જવું કે વજન ઘટાડવું કે ફિટનેસ સેન્ટર હોય એ જરૂરિયાત જ ન હતી..આ દસક એવો હતો એનો પટ કયારેય ભૂલાય એવો નથી..દરેક પેઢીને એનો સમય જ બેસ્ટ લાગતો હોય છે એ વાત સાચી પણ આઠમા દાયકાનો દબદબો આઠમી અજાયબી જેવો હતો એટલું ચોકકસ..